રાજયમાં નોવેલ કોરોના વાઈરસ
(COVID-19) ના કારણે કર્મચારી
/અધિકારીના દુ:ખદ અવસાન ના
કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને
રૂ. ૨૫ લાખની સહાય આપવા બાબત

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ સીએમએફ/૧૦૨૦૨૦/૮૫/સી.એમ.ફંડ**
સચિવાલય, ગાંધીનગર.
તા: ૨૨/૦૫/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

૧. સા.વ.વિ. નો તા: ૦૮/૦૪/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૨૦/૨૫૦/ક

**પરિપત્ર**

વંચાણે લીધેલા સા.વ.વિ. ના તા.૦૮/૦૪/૨૦૨૦ ના ઠરાવથી રાજયમાં નોવેલ કોરોના વાઈરસ(COVID-19)ના કારણે કર્મચારી /અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂ. ૨૫ લાખની સહાય આપવા નિર્ણય કરેલ છે. ઉક્ત ઠરાવની વિગતે, સરકારે રચેલ કોર ગૃપની બેઠકમાં નક્કી થયા મુજબ આવા પ્રકારની સહાય, માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત નિધિ, ગુજરાત રાજયમાંથી આવી સહાય ચુકવવા નક્કી થયેલ છે. જેને ધ્યાને લઈને ઉક્ત ઠરાવ મુજબ સચિવાલયનાના વિભાગોએ, તેમના વિભાગ હસ્તકના કોઈપણ કર્મચારી/અધિકારીનું અવસાન સંક્રમણના કારણે થયેલ હોય તેવા કિસ્સામાં

Scanned with CamScanner

વિભાગે જરૂરી હુકમ, ઉક્ત ઠરાવમાં નિયત કરેલ કાર્યપદ્ધતિ અનુસરી કરવાનો રહેશે.

સદર હુકમની ૨ નકલ સેક્શન અધિકારી, માન.મુખ્યમંત્રીશ્રીનું રાહત ફંડ, બ્લોક નં.૧૧/ ૮ મો માળ, મહેસુલ વિભાગ, સચિવાલય ગાંધીનગર ને મોકલવાની રહેશે. આ હુકમમાં વહીવટી વિભાગે વારસદારનું નામ તથા સરનામા ની વિગતો દર્શાવવાની રહેશે. જેથી, ત્વરિત સહાય ચુકવી શકાય. ઉક્ત સુચનાનું તમામ વિભાગોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(બી.કે.ખત્રી )
ઉપ સચિવ
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રી ના અંગત સચિવશ્રી
- માન.મહેસુલ મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી
- મુખ્યસચિવશ્રી ના અંગત સચિવશ્રી
- અ.મુ.સ.શ્રી મહેસુલ ના અંગત સચિવશ્રી
- સચિવશ્રી ફંડ ના અંગત સચિવશ્રી
- સચિવાલયના તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ.

Scanned with CamScanner